**ક્રિ.કેસ નં.૩૯૪૫૨/૨૦૦૦**

**–: આંક – ૦૧ લગત હુકમ :–**

**૧)** આજરોજ રાષ્ટ્રીય લોક અદાલત નિમિતે મેજીસ્ટ્રેટશ્રીના ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોઈ તે અંતર્ગત વિ.એપીપીશ્રી દ્વારા હાલનો કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૩૨૧ અન્વયે પરત ખેંચવાની પુરસીસ કરતાં સદર પુરસીસ વંચાણે લીધી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરાનો તા.૦૫/૦૯/૨૦૨૩ પત્ર ક્રમાંક નં.ઈ.સી./આર્મ્સ/વશી/ ૩૦૧૩–૩૦૧૯/૨૦૨૩ નો હુકમ તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૧ માં કરવામાં આવેલ જોગવાઈ તથા આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુન્હાની હકીકત ધ્યાને લીધી.

૨) સદર કેસમાં આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા નથી અને વારંવાર પ્રોસેસ ઈશ્યુ કરવા છતાં પ્રોસેસની કોઈ અસરકારક બજવણી સરકાર પક્ષે કરવામાં આવેલ નથી. વધુમાં સદર આરોપી લાંબા સમયથી મળી ન આવતાં કેસ ડોરમેન્ટ ફાઈલ ઉપર પેન્ડીંગ છે અને આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને તેના કારણે આ કેસ પેન્ડીંગ રહે છે. વધુમાં સાહેદોને સમન્સ કરતા સાહેદોના સમન્સ પણ વગર બજે પરત ફરેલ છે. આ સંજોગોમાં આ કામના આરોપીને શોધવા પ્રયાસ કરવો તે સમય,શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસોમાં પુરતું ધ્યાન આપી તે કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે જાહેર હિતમાં અને ન્યાયના હિતમાં સદર કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૨૧ અન્વયે પરત ખેચવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

:– હુકમ –:

– ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ વિ.એપીપીશ્રીને સદર કેસ પરત ખેચવા પરવાનગી આપી સદર કેસ વિડ્રોથી ફેસલ કરી આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૧(ક) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક–અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
વડોદરા.

**(એ.એસ. શેખ)**
૪ થા એડી. સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુ. મેજી., વડોદરા.
***કોડ નં. જીજે–૦૦૮૯૯***